RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 235 * Date: 15.06.2025,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ઈઝરાયલ-ઈરાન વચ્ચે ભયાનક સ્થિતિ, ફ્લાઈટ કેન્સલ થતા ૬૧ ભારતીયો ફસાયા, ભારત પાસે મદદ માંગી



ઈઝરાયલ-ઈરાને એકબીજા પર ભયાનક હુમલાઓ કરતા યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. બંને દેશો વચ્ચે સંભવિત યુદ્ધને ધ્યાને રાખી અનેક દેશોની એરલાઈન્સે તમામ ફ્લાઈટે રદ કરી દીધી છે, જેના કારણે વિદેશોમાં મોટી સંખ્યામાં ભારતીય ફસાયા હોવાના અહેવાલ સામે આવ્યા છે. રાજસ્થાનથી ચાર્ટર્ડ એકાઉન્ટ એસોસિએશનના ૬૧ રાજસ્થાની નાગરિકો જ્યોર્જિયા ગયા છે, જેઓ તણાવના કારણે ત્યાં જ ફસાઈ ગયા છે.

એસોસિએશને સીએની ટીમને જ્યોર્જિયામાં કોન્ફરન્સમાં સામેલ થવા મોકલી હતી. જોકે ઈઝરાયલ અને ઈરાક વચ્ચે હુમલાઓ વધતા, ટીમ અને તેમના પરિવારનો લોકો ત્યાં જ અટવાઈ ગયા છે. ફસાયેલા લોકોની મદદ કરવા માટે જેલસમેરના સીએ ભાવિક ભાટીયાએ સરકારને ટ્વિટ કરીને મદદ માંગી છે. તેમણે પીએમઓ નરેન્દ્ર મોદી, વિદેશ મંત્રી એસ.જયશંકર સહિત અન્ય લોકોને ટ્વિટ કરીને ફસાયેલા લોકોને ત્યાંથી બહાર કાઢવા માટે વિનંતી કરી છે.રાજસ્થાન ટેક્સ કન્સલ્ટન્ટ એસોસિએશનના ૬૧ લોકોની ટીમ પરિવાર સાથે ૮ જૂનની ફ્લાઈટમાં જયપુરથી જ્યોર્જિયા ગઈ હતી. જ્યોર્જિયાના ત્બિલિસી શહેરમાં રેસિડેન્શિયલ રિફ્રેશર કોર્સનું આયોજન કરાયું હતું, જેમાં સામેલ થવા માટે આ લોકો ત્યાં ગયા હતા. ૬૧ નાગરિકોમાં ત્રણ બાળકો પણ સામેલ છે. આ તમામ લોકો ૧૩ જૂને પરત ફરવાના હતા, જોકે સંભવિત યુદ્ધના કારણે તમામ ફ્લાઈટો રદ થતા તમામ ૬૧ નાગરિકો જ્યોર્જિમાં ફસાઈ ગયા છે.ઉલ્લેખનીય છે કે, ઈઝરાયલે શુક્રવારે (૧૩ જૂન) સવારે ઓપરેશન રાઈજિંગ હેઠળ ઈરાનના પરમાણુ અને સૈન્ય ઠેકાણાઓ પર એરસ્ટ્રાઈક કરી છે. ઈરાન ન્યૂક્લિયર પાવર બનાવવાની દિશામાં ઝડપી કામગીરી કરી રહ્યું હોવાથી ઈઝરાયલને વાંધો પડ્યો છે. આ જ કારણે ઈઝરાયલે ઈરાનના પરમાણુ ઠેકાણાઓ પર અનેક હુમલાઓ કરી મોટું નુકસાન કર્યું છે. ઈઝરાયલની જાસૂસી સંસ્થા મોસાદે દાણચોરીથી ૨૦૦ ડ્રોન સિસ્ટમ ઈરાનમાં ઘુસાડી સંરક્ષણ સિસ્ટમ ઠપ કરી ૨૦૦ ફાઈટર જેટ અને ડ્રોનથી ૧૦૦થી વધુ સ્થળો પર બોમ્બમારો કર્યો છે, જેમાં ૧૦૦ના મોત અને ૪૦૦થી વધુ ઘાયલ થયા હોવાના અહેવાલ સામે આવ્યા છે. હુમલામાં ઈરાનના કમાન્ડર ઈન ચીફ, આર્મી વડા, ૨૦ કમાન્ડર અને છ પરમાણુ વૈજ્ઞાનિકોના મોત થયા છે. ઈરાનના વળતા હુમલાના ભયથી ઈઝરાયેલે સમગ્ર દેશમાં ઈમર્જન્સી લાગુ કરવાની સાથે વિશ્વભરમાં દૂતાવાસો બંધ કરી દીધા છે.

## અમદાવાદ પ્લેન ક્રેશઃ મુસાફરો જ નહીં તમામ મૃતકોના પરિજનોને અપાશે રૂ.૧ કરોડનું વળતર




૧૨ જૂનના રોજ અમદાવાદથી લંડન જતી વખતે એર ઈન્ડિયાનું ડ્રીમલાઈનર વિમાન મેડિકલ કોલેજ હોસ્ટેલ સાથે અથડાઈને ક્રેશ થયું હતું. પ્લેનમાં ૨૪૨ લોકો સવાર હતા. તેમાંથી ફક્ત એક જ મુસાફર બચી શક્યો હતો. આ ઉપરાંત વિમાન મેડિકલ કોલેજ હોસ્ટેલ સાથે અથડાયુ હોવાથી ત્યાં હાજર અનેક લોકોના પણ મોત થયા છે. જેમાં અગાઉ ટાટા ગ્રુપે અકસ્માતમાં જીવ ગુમાવનારા દરેક મુસાફરના પરિવારને રૂ. ૧ કરોડ રૂપિયાની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી હતી. તેમજ હવે ટાટા ગ્રુપે કોલેજ હોસ્ટેલના પરિસરમાં હાજર જીવ ગુમાવનાર લોકો માટે પણ રૂ. ૧ કરોડની આર્થિક સહાયની સ્પષ્ટતા કરી છે.

બીજે મેડિકલ કોલેજના હોસ્ટેલ સાથે વિમાન અથડાયું તે દરમિયાન ત્યાં બિલ્ડીંગ પરિસરમાં હાજર મૃતકોમાં ઘણા ડૉકટર, તબીબી વિદ્યાર્થીઓ, હોસ્પિટલ સ્ટાફ અને એરપોર્ટ નજીકના મેઘાણીનગર વિસ્તારમાં રહેતા અનેક લોકોનો સમાવેશ થાય છે. આથી ટાટા ગ્રુપે એવી સ્પષ્ટતા કરી છે કે, 'વિમાનમાં સવાર મુસાફરો અને ક્રૂ મેમ્બર્સની સાથે સાથે દુર્ઘટના સમયે બિલ્ડીંગ પરિસરમાં હાજર લોકો પણ વળતર મેળવવા પાત્ર છે.

## ગુજરાતમાં આગામી ૫ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી, ૧૫થી વધુ જિલ્લામાં યલો-ઑરેન્જ એલર્ટ

રાજ્યમાં મધ્ય ગુજરાત સહિતના કેટલાક વિસ્તારોમાં ગરમી પડી રહી છે. જ્યારે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અમુક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદી માહોલ યથાવત્ છે, ત્યારે હવામાન વિભાગે રાજ્યમાં આગામી ૫ દિવસ ભારેથી અતિભારે વરસાદને લઈને યલો-ઑરેન્જ ઍલર્ટ જાહેર કર્યું છે. જેમાં આજે શનિવારે (૧૪ જૂન) સાબરકાંઠા, અરવલ્લી, રાજકોટ, અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદને પગલે યલો ઍલર્ટ જાહેર કર્યું છે. ચાલો જાણીએ આગામી ૧૯ જૂન સુધી રાજ્યના કયા જિલ્લામાં કેવો રહેશે વરસાદી માહોલ.

હવામાન વિભાગની આગાહી મુજબ, આવતીકાલે રવિવારે (૧૫ જૂન) ૧૫ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. જેમાં અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગીજવીજ સાથે અતિભારને વરસાદને પગલે ઑરેન્જ ઍલર્ટ અને રાજકોટ, જૂનાગઢ, ગીર સોમનાથ, અરવલ્લી, મહીસાગર, દાહોદ, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ જિલ્લામાં ગીજવીજ સાથે ભારે વરસાદને લઈને યલો ઍલર્ટ જાહેર કર્યું છે.

રાજયમાં ૧૬ જૂને રાજકોટ, અમરેલી, ભાવનગર, સુરત, નવસારી, વલસાડમાં અતિભારે વરસાદનું ઑરેન્જ ઍલર્ટ અને બોટાદ, જૂનાગઢ, ગીર સોમનાથ, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, તાપી, ડાંગ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગીજવીજ સાથે ભારે વરસાદને લઈને હવામાન વિભાગે યલો ઍલર્ટ જાહેર કર્યું છે. તમને જણાવી દઈએ કે, ૧૫-૧૬ જૂન દરમિયાન રાજયના મોટાભાગના વિસ્તારોમાં મેઘગર્જના સાથે ૩૦-૪૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાવવાની આગાહી છે.

૧૭ જૂનના રોજ રાજયના ૧૨ જિલ્લામાં હવામાન વિભાગે યલો ઍલર્ટ જાહેર કર્યું છે. જેમાં



અમદાવાદ, આણંદ, બોટાદ, રાજકોટ, અમરેલી, ભાવનગર, ભરૂચ, સુરત, તાપી, ડાંગ નવસારી અને વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી છે.

રાજ્યમાં ૧૮ જૂનના રોજ કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, સુરત, તાપી, નવસારી, ડાંગ, નવસાડ અને ૧૯ જૂનના રોજ ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે ભારે વરસાદને લઈને યલો ઍલર્ટ જાહેર કર્યું છે.

## અમદાવાદ વિમાન દુર્ઘટનામાં કેબિન ક્રૂ મનીષાએ ગુમાવ્યો જીવ, પટના કોલેજમાં ભીની થઇ સાથીઓની આંખો

૧૨ જૂને (ગુરુવારે) બપોરે ૧:૩૯ વાગ્યે અમદાવાદમાં સર્જાયેલી એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાએ સમગ્ર દેશને સ્તબ્ધ કરી દીધો છે. આ દર્દનાક ઘટનામાં કુલ ૨૬૫ લોકોએ જીવ ગુમાવ્યો હતો, જેમાં ૧૨ ક્રુ મેમ્બરનો પણ સમાવેશ થાય છે. આ દુર્ઘટનામાં પટનાની મનીષા થાપા, જે ફ્લાઇટમાં ક્રુ મેમ્બર તરીકે ફરજ બજાવી રહી હતી, તેમનું પણ કરુણ નિધન થયું છે.મનીષા થાપાના અકાળે અવસાનના સમાચાર મળતા જ પટનામાં શોકની લહેર ફરી વળી હતી. જ્યાંથી તેણે અભ્યાસ કર્યો હતો તે કોલેજ શોકમય માહોલમાં ડૂબી ગયું હતું. કોલેજમાં શોકસભાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં પ્રિન્સિપાલ ફાધર માર્ટિન પોરિસ અને કોલેજના સ્ટાફ અને વિદ્યાર્થીઓએ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

પ્રિન્સિપાલે જણાવ્યું હતું કે મનીષા એક હોશિયાર અને શિસ્તવાન વિદ્યાર્થીની હતી. છેલ્લે એક વર્ષ પહેલા પટના એરપોર્ટ પર તેની સાથે મુલાકાત થઈ હતી, ત્યારે તે પોતાના પ્રોફેશનલ કરિયરમાં આગળ વધી ચૂકી હતી. કોલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ પણ મનીષાની યાદોને વાગોળી હતી.મનીષાની એક મિત્રએ જણાવ્યું હતું કે મનીષા ભણવામાં હોશિયાર હોવા ઉપરાંત એક શાનદાર ડાન્સર પણ હતી. તેનું સપનું હતું કે તે આકાશમાં ઉડાન ભરે અને દેશ-વિદેશનો પ્રવાસ કરે. મનીષાના મૃત્યુ સાથે જ પટનાએ પોતાની એક હોશિયાર દીકરીને ગુમાવી દીધી છે. મનીષાની સ્મિત કરતી તસવીરો હવે સોશિયલ મીડિયા પર શ્રદ્ધાંજલિ સંદેશા સાથે વાયરલ થઈ રહી છે.

## પ્લેન ક્રેશનો તપાસ રિપોર્ટ ૩ મહિનામાં સોંપાશે, દરેક એન્ગલથી તપાસ થશે : એવિએશન મિનિસ્ટર

અમદાવાદ પ્લેન ક્રેશ મામલે ઉડ્ડયન મંત્રી (Aviation Minister) રામ મોહન નાયડુ દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે ૬૫૦ ફૂટની ઊંચાઈએ વિમાન ઉડી રહ્યું હતું અને તે સમયે વિમાનમાં ખામી સર્જાતા પાઈલટે MAY DAY નો સંદેશ આપ્યો હતો. પાઈલટે ઈમરજન્સી હોવાની જાણકારી આપી હતી. આ મામલે ઉડ્ડયન મંત્રીએ કહ્યું કે પ્લેન ક્રેશ થતાં પહેલા પાઈલટે ઈમરજન્સી સ્થિતિની જાણકારી આપી હતી. ATC તરફથી એ મેસેજનો કોઈ જવાબ મળ્યો નહોતો. ઉડ્ડયન મંત્રીના જણાવ્યાનુસાર વિમાને ૧:૩૯




વાગ્યે ઉડાન ભરી હતી અને ૧:૪૦ વાગ્યે વિમાન ક્રેશ થઇ ગયું હતું. એરપોર્ટથી ઉડાન ભર્યાબાદ વિમાન બે કિ.મી. દૂર તૂટી પડ્યું હતું.ઉડ્ડયન મંત્રીએ કહ્યું કે ગૃહ સચિવના નેતૃત્વમાં એક કમિટીની રચના કરવામાં આવી છે. આ હાઈ લેવલની કમિટી ત્રણ મહિનામાં તેનો રિપોર્ટ સોંપશે. તપાસ સમિતિમાં ડીજીસીએ અને આઈબીના અધિકારીઓને પણ સામેલ કરાયા છે. ગઈકાલે સાંજે પાંચ વાગ્યે બ્લેક બોક્સ પણ મળી આવ્યું હતું જેના પરથી વિમાન દુર્ઘટના પહેલા છેલ્લી ઘડીએ શું થયું હતું તે જાણી શકાશે.

## ઈઝરાયલ-ઈરાન વચ્ચે ભયાનક હુમલા વધતા ભારતીયો સાવધાન, દૂતાવાસે જાહેર કરી એડવાઈઝરી

ઈઝરાયલ અને ઈરાન એકબીજા પર ભયાનક હુમલા કરી રહ્યા છે, જેમાં અનેક લોકોના મોત થઈ રહ્યા છે, ત્યારે ભારતીય દૂતાવાસે બંને દેશોમાં રહેતા ભારતીયોની ચિંતા વ્યક્ત કરી એડવાઈઝરી જાહેર કરી છે. ભારતીયો કટોકટી સમયે ભારતીયો દૂતાવાસનો તાત્કાલિક સંપર્ક કરી શકે તે માટે હેલ્પલાઈન નંબર પણ જાહેર કરાયો છે. દૂતાવાસે કહ્યું છે કે, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે સ્થિતિ વણસી છે, જેના કારણે ભારતીયોએ સાવચેત રહેવાની જરૂર છે.ભારતીય દૂતાવાસ ની એડવાઈઝરીમાં કહેવાયું છે કે, ઈઝરાયલ-ઈરાન વચ્ચે સ્થિતિ તંગ બની ગઈ છે, જેના કારણે ત્યાં રહેતા ભારતીયોએ ઘરમાંથી બહાર જવાનું ટાળવું જોઈએ. કોઈપણ



ભારતીય ઈમરજન્સી કામ વગર ઘરમાંથી બહાર ન નીકળે. કોઈપણ નવી સૂચના કે આદેશની માહિતી મેળવવા માટે ભારતીય દૂતાવાસના સોશિયલ મીડિયા એકાઉન્ટને ફોલો કરવાનું રાખે. જો કોઈ ઈમરજન્સી ઉભી થાય તો ભારતીય દૂતાવાસના મોબાઈલ નંબર ૯૧૨૮૧૦૯૧૧૫ અને ૯૧૨૮૧૦૯૧૦૯ પર સંપર્ક કરવા પણ એડવાઈઝરીમાં કહેવાયું છે.ભારતીય દૂતાવાસે ઈઝરાયેલમાં વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખીને અહી રહેતા તમામ ભારતીય નાગરિકોને સતર્ક રહેવા અને ઈઝરાયલી અધિકારીઓ અને હોમ ફ્રન્ટ કમાન્ડ દ્વારા સૂચવવામાં આવેલા સલામતી પ્રોટોકોલનું પાલન કરવાની સલાહ આપી છે. એડવાઈઝરીમાં કહેવાયું છે કે, 'સાવધાની રાખો, દેશમાં બિનજરૂરી મુસાફરી ટાળો અને સલામતી આશ્રયસ્થાનોની નજીક રહો. અમે ભારતીય નાગરિકોની સલામતી સહિત બગડતી પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છીએ.

તંત્રી લેખ.....

# ઈરાન-ઈઝરાયલ વચ્ચે યુદ્ધ વકરતાં ગ્લોબલ માર્કેટ હચમચ્યું

મધ્યપૂર્વના દેશોમાં વધુ એક યુદ્ધ છંછેડાઈ જવાની આશંકાઓ વધી ગઈ છે. ગુરુવારે મોડી રાત્રે ઈઝરાયલે ઈરાનના મહત્ત્વપૂર્ણ લશ્કરી અને પરમાણુ ઠેકાણાને નિશાન બનાવીને હવાઈ હુમલા કર્યા હતા. જેની અસર હવે બજાર પર પણ જોવા મળી રહી છે. શુક્રવારે રાતે અમેરિકન શેર બજાર વોલ સ્ટ્રીટમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. તેમજ ક્રૂડ ઓઈલના ભાવમાં વધારાના કારણે હાલ ભારત સહિત વિશ્વભરના બજારોમાં ગભરાટનો માહોલ છે.શુક્રવારે, અમેરિકન શેરબજાર ઈન્ડેક્સ જીઁસ ૫૦૦ ૧.૧% ઘટ્યો. ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ ૧.૮% ઘટ્યો અને નાસ્ડેક ૧૦૦ ૧.૩% ઘટ્યો. અગાઉ, યુએસ-ચીન વેપાર વાટાઘાટોમાં પ્રગતિએ બજારમાં આશા જગાવી હતી, પરંતુ હવે ક્રૂડ ઓઈલના ભાવ અને મધ્યપૂર્વના દેશોમાં તણાવે બધી આશાઓ નિષ્ફળ કરી દીધી છે.

હવે આ બંને દેશના વિવાદની ભારતીય શેરબજાર પર પણ અસર પડી છે અને શુક્રવારે સેન્સેક્સ ૫૭૩ પોઈન્ટ ઘટીને ૮૧,૧૧૮ પર બંધ થયો. તેમજનિફ્ટીમાં પણ લગભગ ૧૬૯ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો અને તે ૨૪,૭૧૮ પર બંધ થયો. જો આ યુદ્ધ ચાલુ રહેશે, તો સોમવારે બજારમાં ઉથલપાથલ થઈ શકે છે.

# ફ્લાઈટ ક્રેશ થયા બાદ વીમા કંપનીઓ સમક્ષ ૧૫૦ મિલિયન ડોલરના દાવા કરાશે




અમદાવાદ : અમદાવાદમાં એર ઈન્ડિયાની ફ્લાઈટ છૈં ૧૭૧ ક્રેશ થયા બાદ ૧૩૦ મિલિયન ડોલરથી ૧૫૦ મિલિયન ડોલરના વીમા દાવા શક્ય છે. વીમા ઉદ્યોગના સૂત્રોના જણાવ્યા અનુસાર, આમાંના મોટાભાગના દાવા વૈશ્વિક રિઈન્શ્યોરન્સ કંપનીઓ દ્વારા ઉઠાવવામાં આવે તેવી શક્યતા છે કારણ કે ઉડ્ડયન નીતિઓ ઘણીવાર એવી રીતે રચાયેલી હોય છે કે પ્રાથમિક વીમાદાતા જોખમનો મોટો ભાગ રિઈન્શ્યોરરને ટ્રાન્સફર કરે છે.આ દાવાઓમાં ત્રણ પ્રકારની જવાબદારીનો સમાવેશ થશે: વિમાનને નુકસાન, ક્રૂ સભ્યો સહિત વિમાનમાં સવાર લોકોના જીવ ગુમાવવા અને તૃતીય પક્ષની જવાબદારી કારણ કે વિમાન ક્રેશ થયું ત્યાં લોકો પણ મૃત્યુ પામ્યા હતા. આ ઉપરાંત, કાર્ગો જવાબદારીનો પણ સમાવેશ કરવામાં આવશે. ઉદ્યોગના આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર, વિમાનને થયેલા નુકસાન માટે ૮૦ મિલિયન ડોલરથી ૧૦૦ મિલિયન ડોલરના દાવા થઈ શકે છે, જ્યારે ક્રૂ સભ્યો સહિત વિમાનમાં સવાર મુસાફરોના મૃત્યુ અને જમીન પર ક્રેશ થવાને કારણે થયેલા નુકસાન માટે ૫૦ મિલિયન ડોલરના દાવા કરી શકાય છે.

વીમા ઉદ્યોગના નિષ્ણાતોના મતે, આમાંના મોટાભાગના દાવાઓ રિઈન્શ્યોરર્સ દ્વારા ઉઠાવવામાં આવશે કારણ કે ભારતીય વીમા કંપનીઓએ તેમના મોટાભાગના જોખમનો ફરીથી વીમો લીધો હતો. કુલ દાવાઓમાંથી માત્ર ૧૦ ટકા ભારતીય વીમા કંપનીઓ અને રિઈન્શ્યોરર્સ દ્વારા ઉઠાવવા પડશે.એર ઈન્ડિયાએ તેના કાફલા માટે ૨૦ બિલિયન ડોલરનો વીમો લીધો હતો. આમાં ટાટા એઆઈજી જનરલ ઈન્શ્યોરન્સ, આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ જનરલ ઈન્શ્યોરન્સ, ન્યુ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ અને અન્ય સરકારી જનરલ ઈન્શ્યોરન્સ કંપનીઓનો સમાવેશ થાય છે. ટાટા એઆઈજીએ ૩૦-૪૦ ટકા જોખમ આવરી લીધું હતું અને તે મુખ્ય પ્રાથમિક વીમા કંપની છે. પ્રાથમિક વીમા કંપની હોવાને કારણે, ટાટા એઆઈજીને સૌથી વધુ ફટકો પડશે. આ વીમા કંપનીઓએ તેમના મોટાભાગના જોખમોનો ફરીથી વીમો કરાવ્યો હતો. આ રિઈન્શ્યોરન્સ સરકારી કંપની ય્ૈંઝ ઈઈ, અમેરિકન કંપની છૈંય અને છઠછ ઠ- વગેરે સાથે કરવામાં આવ્યું હતું. ફ્લીટ પોલિસી ઘણીવાર રિઈન્શ્યોર કરવામાં આવે છે. એર ઈન્ડિયાના કિસ્સામાં પણ, રિઈન્શ્યોરન્સ કંપનીઓ દ્વારા મોટી રકમનો બોજ ઉઠાવવામાં આવશે.

વીમા કંપનીઓ પોલિસી મુજબ વિમાન ક્રેશથી થયેલા ૮૦ મિલિયન ડોલરના નુકસાનની સંપૂર્ણ ભરપાઈ કરશે કારણ કે તે સંપૂર્ણ નુકસાનનો કેસ છે. એટલે કે, વિમાનની સંપૂર્ણ ૮૦ મિલિયન ડોલર વીમા રકમ ચૂકવવામાં આવશે. નિષ્ણાતો એમ પણ કહે છે કે આ ઘટના પછી, રિઈન્શ્યોરન્સ કંપનીઓ વિમાન વીમા પોલિસીઓ મોંઘી બનાવી શકે છે. તે તેમને કેટલું નુકસાન થાય છે તેના પર આધાર રાખે છે. જોકે પ્રીમિયમમાં તાત્કાલિક ફેરફારની કોઈ શક્યતા નથી, તે ભવિષ્યમાં નવીકરણની શરતો અને પ્રીમિયમને અસર કરશે.

# ક્રૂડતેલમાં દસ ડોલરનો સ્પ્રિંગ જેવો ઉછાળો : ઈમ્પોર્ટ બિલ વધતાં વેપાર ખાધ વકરશે

ઈઝરાયલ દ્વારા ઈરાનના ન્યુકલીયર તૃથા મિલીટરી સાઈટસ પર હુમલાઓ શરૂ કરાતાં વિશ્વના વિવિૃધ બજારોમાં ઓચિંતી મોટી ઉૃથલપાૃથલ સર્જાયાના સમાચાર વચ્ચે ઘરઆંગણાના બજારોમાં પણ તેના પ્રત્યાઘાતો આજે જોવા મળ્યા હતા. વિશ્વ બજડારમાં ક્રૂડતેલના ભાવમાં ૭ૃથી ૮ ટકાનો સ્પ્રિંગ જેવો ભાવ ઉછાળો નોંૃધાતાં શુક્રવારનો દિવસ છેલ્લા ૩ વર્ષનો સૌૃથી મોટો એક દિવસીય તેજીનો ક્રૂડતેલ માૌ ગણાવાઈ રહ્યો હોવાનું બજારના જાણકારોએ જણાવ્યું હતું.

વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ બેરલના ૬૮.૭૭ વ ાળા ઝડપી ઉછળી ઉંચામાં ભાવ ૭૮.૫૦ ૃથઈ ૭૪.૩૯ ડોલર આસપાસ રહ્યાના સમાચાર મળ્યા હતા. શુક્રવારે ક્રૂડતેલના ભાવ વિશ્વ બજારમાં એક તબક્કે ૧૩ ટકા ઉછળ્યા હતા. તૃથા બે મહિનાની ઉંચી ટોચે ભાવ પહોંચ્યા હતા.

મધ્ય-પૂર્વમાં પરિસ્િૃથતિ વણસતા તૃથા તણાવ વૃધતાં વૈશ્વિક સ્તરે ક્રૂડતેલની સપ્લાયને ફટકો પડવાની શ ક્યતા જાણકારો બતાવતા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં યુએસ ક્રૂડના ભાવ બેરલના ૬૬.૯૯ વાળા ઉછળી ઉંચામાં ભાવ ૭૭.૬૨ ૃથઈ ૭૩.૪૬ ડોલર રહ્યા હતા. વિશ્વ બજારમાં યુએસ ક્રૂડના ભાવ બેરલના ૬૬.૯૯ વાળા ઉછળી ઉંચામાં ભાવ ૭૭.૬૨ ૃથઈ ૭૩.૪૬ ડોલર રહ્યા હતા.

આવા માહોલમાં વિશ્વ બજારમાં ક્રૂડતેલમાં સ્પ્રિંગ જેવો ઉછાળો ાવતાંદેશનું ઈમ્પોર્ટ બિલ વૃધી ગયું છે અને વેપાર ખાૃધ ઓચિંતી વૃધી જતાં સરકારના પોતાના સમીકરણો પણ ખોરવાઈ જવાની ભીતિ સર્જાઈ છે. આની અસર રૂપિયા પર તૃથા શેરબજાર પર આજે નેગેટીવ દેખાઈ હતી.

ક્રૂડતેલ બજારના જાણકારોના જણાવ્યા મુજબ વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં બેરલદીઠ ૧૦ ડોલરની વૃદ્ધીના પગલે ભારતમાં કરન્ટ એકાઉન્ટ ડેફીસીટ વૃધી જીડીપીના ૦.૪૦ ટકા ૃથઈ ગઈ છે તૃથા રિટેલ ફુગાવામાં ૩૫ પોઈન્ટની વૃૃધી ૃથવાની ગણતરી જાણકારો બતાવી રહ્યા હતા. ક્રૂડતેલ વૃધતા દેશમાં પેટ્રોલ-ડિઝલના ભાવ ઉંચા જવાની તૃથા મોંઘવારી વૃધવાની શક્યતા પણ સર્જાઈ છે.

# શ્રીમતી નિહારિકા અંજારિયા - "વાત્સલ્ય"

આમ તો ઈન્દુબહેન રોજ એ રસ્તે પસાર થતાં. દૂરથી દૃષ્ટિ એ બાજુ પડતી અને ઘણું ઘણું યાદ આવતું. એ ગેટની અંદર સરકારી કવાર્ટર્સનાં સો જેટલાં મકાન હતાં. પતિને સરકારી નોકરી હોવાથી આ ક્વાર્ટરમાં એમના પતિને મકાન મળ્યું હતું. અહીં ખૂબ સારાં પાડોશીઓ હતાં અને મકાનમાં સગવડ પણ સરસ હતી.

વચ્ચેના મેદાનમાં નાનો બગીચો હતો જેમાં મોટાંને બેસવા માટે બાંકડા હતા. બાળકો માટે હીંચકા – લપસણી હતા જ્યાં બધાં બાળકો સાંજે રમવા આવતાં.




કેટલાય વર્ષો પસાર થઈ ગયા, પણ તે સમયની સઘળી યાદો આજે પણ મનમાં અકબંધ હતી.

પસાર થતાં થતાં એ મકાન દેખાયું જેમાં એ રહેતાં હતાં તેની બારી પાસે જ ઘટાદાર લીમડાનું ઝાડ પણ દેખાયું. અત્યારે ઘેઘૂર ઘટાદાર દેખાતા લીમડાના વૃક્ષને સાવ નાનકડા છોડ રૂપે એમણે જ તો જમીનમાં રોપ્યો હતો.

એમના ઘરની બારીમાંથી રોજ રોજ એને વધતો એ જોતાં, નિયમિત પાણી પાતાં. ધીમેધીમે ઉછરતા બાળવૃક્ષ તરફ એમના મનમાં જાણે પોતાનાં બાળક જેવો સ્નેહ ઉભરાતો. એમનાં પોતાનાં સંતાનો તો મોટાં થઈ ગયાં હતાં, પણ આ લીમડાની લહેરાતી ઝૂમતી ડાળીઓમાં બાળકની આનંદભરી રમતો દેખાતી, કિલ્લોલ સંભળાતો.

ઘરમાં પોતે એકલાં હોય, પતિ ઓફિસ અને બાળકો એમની રોજની દિનચર્યા મુજબ નિશાળે ગયાં હોય ત્યારે લીમડો તેમની સાથે કાલીઘેલી વાતો કરતો જાણે આત્મીય સ્વજન જેવો લાગતો. પછી તો બાળકો મોટાં થઈ આગળ અભ્યાસ માટે બહારગામ ગયાં ને નોકરી પણ બીજા શહેરમાં મળતા એ શહેરમાં જ હંમેશ માટે સ્થાયી થયાં.

એમના પતિનો નિવૃત્તિનો સમય થવાથી સરકારી ક્વાર્ટર છોડી પોતાના ઘરમાં શિફ્ટ થવાનો સમય પણ આવી ગયો, પણ આ મકાન, ત્યાંના પાડોશીઓ અને સ્વજન સમા લીમડાનું અમીટ- અજોડ સ્થાન એમના હૃદયમાં હતું.

આજે એ નાનકડો લીમડો જેના પર એ પુત્રવત્ વાત્સલ્ય વર્ષાવતાં એ લીમડાના વૃક્ષે પુત્રને બદલે હવે વડીલનું માનભર્યું સ્થાન જાણે-અજાણે લઈ લીધું હતું, ઘેઘૂર-ઘટાદાર વૃક્ષ બની વડીલ જેવી શીળી છત્રછાયા આપી અનેક પર પોતાના વાત્સલ્યની અમીવર્ષા કરી રહ્યું હતું.
એ જોઈ ઈન્દુબેનનું હૃદય ભાવવિભોર બન્યું. એમના દિલમાંથી શબ્દો સરી પડ્યા.
'થેન્ક યુ લીમડા દાદા'

# વડોદરા કોર્પોરેશનમાં ૧૯ ઈજનેરોની સામૂહિક બદલીથી ચર્ચાનો વિષય



વડોદરા કોર્પોરેશનમાં સમગ્ર સભાએ ત્રણ કાર્યપાલક ઈજનેરની નિમણૂકને મંજૂરી આપી તેની સાથે મળી ૧૯ ઈજનેરોની મ્યુનિસિપલ કમિશનર અરુણ બાબુએ સામૂહિક બદલી કરતા ઈજનેરોમાં ચર્ચાનો વિષય બન્યો છે. વડોદરા મહાનગર પાલિકાના મ્યુનિસિપલ કમિશનરે વહીવટી અનુકૂળતા અંગે અધિકારીઓને તેમની કામગીરી અંગે વિવિધ ફેરફારો કરવાનો આદેશ કર્યો છે.

તાજેતરમાં પ્રશાંત જોશી વસંત સિંગલ અને દર્શિલ મહેતાની કોર્પોરેશનની સામાન્ય સભાએ કાર્યપાલક ઈજનેર તરીકેની મંજૂરી આપી હતી. તેઓને વિવિધ વિભાગોની ફાળવણી કરવામાં આવી છે. આ ઉપરાંત ધાર્મિક દવે કાર્યપાલક ઈજનેર-હાલમાં પાણી પુરવઠા, બ્રિજ પ્રોજેક્ટ, ટ્રાફિક શાખા, સંકલન તથા હવાલાના એડી. સીટી એન્જિ. (પાણી પુરવઠા, ડ્રેનેજ, સુએજ) ને હાલની ફરજો ઉપરાંત રોડ પ્રોજેક્ટમાં કાર્યપાલક ઈજનેર તરીકે વધારાનો હવાલો સંભાળવાનો રહેશે બ્રિજ પ્રોજેક્ટ અને ટ્રાફિકની ફરજમાંથી મુક્તિ આપવામાં આવી છે.

તેવી જ રીતે રાજેન્દ્ર વસાવા હાલમાં કાર્યપાલક ઈજનેર તરીકે ફ્યુચરિસ્ટિક સેલ, સેન્ટ્રલ સ્ટોર, હેરિટેજ સેલ, અને પશ્ચિમ ઝોન (વોર્ડ ૮-૯)ને હેરિટેજ કન્ઝર્વેશન તમામ સંબંધીત કામગીરી સંદર્ભે કાર્યપાલક ઈજનેર તરીકે સ્વતંત્ર હવાલો સંભાળવાનો રહેશે. સેન્ટ્રલ સ્ટોર અને પશ્ચિમ ઝોન વોર્ડ ૮-૯ ની કામગીરી યથાવત રહેશે. તથા હરિતીમા શર્મા-કાર્યપાલક ઈજનેર-વરસાદી ગટરને ફ્યુચરીસ્ટિક પ્લાનિંગ સેલમાં કાર્યપાલક ઈજનેર તરીકે વધારાનો હવાલો સંભાળવાનો રહેશે. વરસાદી ગટર પ્રોજેક્ટમાં કાર્યપાલક ઈજનેર તરીકે પશ્ચિમ-દક્ષિણ ઝોનમાં કામગીરી કરવાની રહેશે. તથા પ્રશાંત જયંતીલાલ જોશી-કાર્યપાલક તરીકે આંતરિક પસંદગીથી નવીન નિમણૂક કાર્યપાલક ઈજનેર ઉત્તર ઝોનમાં હાલ કામગીરી કરે છે તેમને હાલની ફરજો ઉપરાંત બ્રિજ પ્રોજેક્ટમાં કાર્યપાલકને તરીકે વધારાનો હવાલો સંભાળવાનો રહેશે તેવી જ રીતે મહેશ કે વણકર-નાયબ કાર્યપાલક ઈજનેર ડ્રેનેજ પ્રોજેક્ટને હાલની ફરજો ઉપરાંત કાર્ય પાલક ઈજનેર તરીકે વરસાદી ગટરમાં પૂર્વ-ઉત્તર ઝોનની વધારાની કામગીરી કરવાની રહેશે. તેમજ ભાર્ગવ પંડિત-હ.કાર્યપાલક ઈજનેર રોડ પ્રોજેક્ટ (પૂર્વ-ઉત્તર) તથા નાયબ કાર્યપાલક ઈજનેર વોર્ડ નં. ૧૩ને રોડ પ્રોજેક્ટમાં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે તમામ ઝોનની કામગીરી કરવાની રહેશે. વોર્ડ-૧૩ની કામગીરીમાંથી મુક્ત કરવામાં આવે છે. ઉપરાંત હેતલબેન રૂપાપરા કાર્યપાલક ઈજનેર રોડ પ્રોજેક્ટ શાખામાં હ.કાર્યપાલક ઈજનેર (પશ્ચિમ-દક્ષિણ ઝોન) અને ના.કા.ઈ.(ઉત્તર-પશ્ચિમ ઝોન) ને વોર્ડ નંબર ૧૩ માં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકેની ફરજો સંભાળવાની રહેશે રોડ પ્રોજેક્ટની કામગીરીમાંથી મુક્તિ આપવામાં આવી છે. તથા જતન બધેકા-નાયબ કાર્યપાલક ઈજનેર, હ.કાર્યપાલક ઈજનેર ઇલે. પાણી પુરવઠા એનર્જી એફીસન્સ સેલને નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે પ્લેનેટેરીયમમાં વધારાની કામગીરી કરવાની રહેશે હાલની કામગીરી યથાવત છે.

# ઊંઝા બી.પી. બ્રહ્મભટ્ટ કોલેજમાં આર્મી બ્રિગેડિયરની મુલાકાત:એનસીસી યુનિટની તપાસણી માટે બ્રિગેડિયર એમ.વી. નાથ અને ટીમે કરી મુલાકાત







ઊંઝા શહેરમાં આવેલી શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરુ કોમર્સ કોલેજની એનસીસી યુનિટની શુભેચ્છા મુલાકાત ઈન્ડિયન આર્મીના બ્રિગેડિયર એમ.વી. નાથ અને તેમની ટીમે લીધી હતી.આ મહત્વપૂર્ણ મુલાકાત દરમિયાન કોલેજના પ્રિન્સિપાલ ડો. રાકેશ રાવ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે ઊંઝા કેળવણી મંડળના પ્રમુખ પ્રહ્લાદભાઈ પટેલ પણ જોડાયા હતા.કોલેજના એનસીસી યુનિટના એએનઓ ડો. પ્રિતીબેન પટેલની હાજરીમાં એનસીસી કેડેટ્સે પણ આ મુલાકાતમાં ભાગ લીધો હતો. બ્રિગેડિયર નાથ અને તેમની ટીમે એનસીસી યુનિટની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર
## દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ




**NoG SS No : 388**
વિષય : પિતા
શીર્ષક : પપ્પા વિષે શું લખું?
પ્રકાર : પદ્ય શબ્દો : ૧૪૯

પપ્પા વિષે શું લખું?
ક્યારેક શબ્દો ઓછા પડે છે
તો ક્યારેક શબ્દો ની આટીઘુંટી પણ ઓછી પડે છે!

પપ્પા વિષે શું લખું?
અસ્તિત્વ નો આધાર છે કે
જીવન નો વિચાર, કે વિચારધારા નો સાર!

પપ્પા વિષે શું લખું?
વિષય છે કે વ્યાખ્યા
ગણતરી માં આવતા શબ્દો નું કોઈ ગણિત તો નથી!

પપ્પા વિષે શું લખું?
ફર્સ્ટ હીરો કે ફોરએવર લવ
કોઈ આકાશ કે પછી કોઈ સમુદ્ર?

પપ્પા વિષે શું લખું?
બધું આપવા તત્પર
હિસાબ વગર નું ગણિત કે ત્યાગ ની એક જ શરત!

પપ્પા વિષે શું લખું?
બસ જેના વગર અસ્તિત્વ ની કોઈ ઓળખ નથી,
નામ માત્ર થી સ્મિત નો એહસાસ
બસ કોઈ ખાસ, જીવન કે જીવન ની વ્યાખ્યા!
શબ્દ કે શબ્દકોશ ની પરિભાષા!
નામ કે ઈશ્વર નો પરિચય!

પપ્પા - એક શબ્દ
મારા અસ્તિત્વ ની વ્યાખ્યા!

ફાલ્ગુની..પોરબંદર, ગુજરાત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No-106**
વિષય-ફાધર્સ ડે
શીર્ષક-બાપા કરતાં બેટા સવાયા
શબ્દ-૨૯૪

પિતાને પ્રેમ કરું છું, દિવસ ઉજવવાની જરંર નથી.
પિતા મારા માટે ગૌરવ છે!
મારામાં પિતાનું લોહી વહે છે!
વાણી-સંસ્કૃતિ-સંસ્કારો પિતા છે. મારીમાને, મારા ઉછેરમાં સોટકા સાથ મારા પિતાનો છે.
કુળ, વંશ મારા પિતા!
મારી જીવનશૈલી-નાક નક્શી બધું પિતા જેવું .મને જોતાં વહેંત લોકો કહી દે , કોનો દિકરો છું!
હંમેશાં એક વસ્તુ મારા મનમાં રહે છે!હું કાંઈક કરી બતાવું, મારા પિતા સમાજ સામે ગૌરવથી મારા થકી માથું ઊંચોં કરી ચાલી શકે!
પિતાને સુખી કરું
આજે એક વાત યાદ આવી, તમારા સાથે વાગોળું ,
કોની છે?ખબર નથી.
અબજોપતિ બાપનો દિકરો ભણીને પાછો આવ્યો.બાપાએ દિકરાને કંહ્યુ "તું ફેમીલી બીઝનેસ સંભાળ."
છોકરાએ કહ્યું " મારી રીતે કરવો છે."

એક વર્ષ આપો,હું ફરીને, શું કરવું જોઇએ જોવા માંગુ છું.વર્ષ પછી દિકરો પાછો આવી બાપાને કહે " ધંધો કરવો છે, બે કરોડ રૂપિયા આપો!"
બાપાએ હા બે કરોડ આપ્યા.
ધંધો શું કરવા માંગે છે.પૂછ્યું.

છોકરાએ કહ્યું"બે વર્ષ પછી , મારા ધંધા અને પ્રગતિ વિષે જણાવીશ"
પછી છોકરાએ
ધંધાનુ ઠેકાણું બતાવ્યું!
છોકરો બાપાને યાત્રાનાં સ્થળે,
દર્શને લઈ જાય છે..બાપ મંદિર ત્યાંની વ્યવસ્થા જોઈને ખુશ.
દર્શન કરે, દાન પેટીમાં નાખે!.બાપાએ કહ્યું:"હવે તારા ધંધાના સ્થળે લઈ જા?"છોકરાએ જવાબ આપ્યો" પિતાજી મંદિર મારો ધંધો છે."
હું ફર્યો , વગર મહેનતનો ધંધો મંદિર.
બે કરોડમાંથી ૫૦ લાખની જમીન લીધી !એક કરોડ રૂપિયામાં મંદિર બનાવડાવ્યું!
" ચમત્કારી છે!" અફવા ફેલાવી દરેક વસ્તુ મળે એવી દુકાનો અને ઉપર છ ઝ રૂમ બનાવ્યા, રાજકારણીઓ રહેવા અને મીટિંગ કરવા હોલ,આવક શરૂ.
બે વર્ષમાં પૈસા ડબલ થાય,બેંકમાં દસ વર્ષે ડબલ.ધંધો ચાલે.
કમાણી જીંદગીમાં સાંભળી નહી હોય.
માણસ મંદિરે ભગવાનને ધરે.
રૂપિયાનું ભગવાન શું કરશે?
બાપા તો દીકરાની પ્રગતિ દબદબો જોઈ દંગ રહી ગયા
દીકરો બોલ્યો હમણાં પગે લાગીને ગયા, મોટા માણસો છે.
બાપા વિચાર્યું મને કેમ રસ્તો ના દેખાણો.
મુક્તિદા કુમાર "રુપલી"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO. 0101***
★વિષયઃ ફાધર્સ ડે★
★શીર્ષકઃ★પિતા સાથેનું સંસ્મરણ★
★પ્રકારઃગદ્ય લેખ★ ★શબ્દોઃ૩૩૭★

પિતાના જીવનની સૌથી યાદગાર ક્ષણ, આપણું ધરા પર તેમના સંતાન થઈને જન્મવું. ને, ત્યાર પછી યાદગાર પળોનું ભાથું વધતું જાય છે.
આ, 'યાદગાર' વ્યંજન, હમેંશા મધુર જ હોય એવું નથી તે, ક્યારેક ખટમીઠું પણ હોય છે. અસમજણનું મરચું વધારે ઉમેરાય જાય તો તીખું પણ બને.
સંતાન અને પિતા અદશ્ય સ્નેહના તાંતણે બંધાયેલાં હોય છે. સમજણ આવ્યાં પછીનાં સંભારણામાં સૌથી આનંદની યાદગાર પળ, એ છે કે, જ્યારે આપણે નાનાં હોઈએ ત્યારે એક સામાન્ય પ્રશ્ન તમને પૂછવામાં આવે કે, 'તને, પપ્પા વધુ ગમે કે મમ્મી? અથવા, તું, પપ્પાનો દીકરો કે મમ્મીનો?' હું કહું કે "પપ્પાનો", ત્યારે તેમના ચહેરા પર ઊભરી આવતી ખુશીની ઝલક માણવા જેવી હોય છે, સાથે મમ્મીનો મીઠો છણકો.
ક્યારેક, પપ્પા મમ્મી વચ્ચે રકઝક થાય ત્યારે હું પપ્પા પાસે જઈને બેસી જતો ત્યારે, અમારી આંખોના મિલનમાંથી પ્રેમની સરવાણીઓ ફૂટતી અને ઘટના ' ટોન ડાઉન' થઈ જતી. દીકરાની લાગણીનાં મોજાં દરેક પિતાને તેના અનહદ વહાલથી ભીંજવી દેતા હોય છે. મમ્મી, ત્યારે મારાં સામે હાથ લંબાવે અને દોડીને હું મમ્મીને વળગી પડતો. પ્રેમના ધોધ વચ્ચે પણ પપ્પા સાથે સ્હેજ અંતર રહેતું. હું, ક્યારેય પપ્પાને ભેટ્યો નથી. હા, મારાં બાળપણમાં એમણે મને ઊંચક્યો હશે, રમાડયો હશે, વહાલની ભીંસ આપી હશે, પણ મોટાં થતાં આ પળ મેં ક્યારેય જોય નથી કે હું, પપ્પાને ભેટી કે વળગી પડ્યો હોઉં, એક મધુર ક્ષણને બાદ કરતાં, ત્યારે મારી ઉંમર આઠેક વરસની હશે.
મારાં નિશાળનાં મિત્રોને ઘરે બોલાવી મારી બર્થ ડે પાર્ટીનું આયોજન કરેલું. અગાઉથી નક્કી કર્યા મુજબ, મારા પપ્પા, જોકરનો ડ્રેસ પહેરી, માથે શંકુ આકારની લાંબી ટોપી અને ચહેરા પર માસ્ક ધારણ કરી, પ્રવેશ કરશે. થેલામાંથી જાદુગર ખેલ બતાવતાં તેમાંથી જુદી જુદી વસ્તુઓ કાઢતો હોય તેમ થેલામાં ગિફ્ટસ લઈ આવી સૌ બાળકોને સરપ્રાઈઝ કરવાનાં હતાં. મારાં મિત્રોને આ વાતની જાણ ન હતી. મારાં પપ્પાની એન્ટ્રી થઈ, સૌ તાળીઓ પાડવા લાગ્યાં અને તેમની આસપાસ નાચવા લાગ્યાં, "જાદુગર આયા રે ભૈ જાદુગર આયા" હું એમને વળગી પડ્યો, પૂછ્યું, "તમે જ મારાં પપ્પા છો ને! કેમ આ લોકો આટલાં બધાં ખુશ થાય છે?" પપ્પાએ મને બાથમાં લઈ હાથ મારી પીઠ પર ફેરવતાં કહ્યું, " હા, માય સન, હું તો તારો જ પપ્પા છું." આવી મારી 'પઝેસીવનેસ' હતી મારાં પપ્પા માટે.

? ભરત સાંગાણી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 191**
વિષય : ફાધર્સ ડે
શીર્ષક : એ બાપ છે...
પ્રકાર - પદ્ય શબ્દો : ૧૪૦

જીંદગીના દરેક મોડ પર તમને સાથ દેશે એ બાપ છે.
ખુદ તાપ વેઠી ને પણ તમને છાંયો કરશે એ બાપ છે.

હશે ઘેરાયેલો ચોફેર થી તો પણ કોઈને જતાવશે નહી,
ઉફ્ફ કર્યા વિના ઉના આંસુ પણ પી જશે એ બાપ છે.

માંગ તમારી ઝાયઝ હોય કે નાઝાયઝ કોઈ ફર્ક નહી પડે,
જમીન આસમાન એક કરીને પણ સંતોષશે એ બાપ છે.

બક્ષી દેશે હર એક ગુન્હા ને બાદતમીજીયા તમારી પ્રેમથી,
દુનિયા સામે બાથ ભીડવા પણ તૈયાર રહશે એ બાપ છે.

જેની આંખોમાં સંતાનોના ભાવિ સિવાય કશું સ્પષ્ટ નથી,
ખુદ રહી અંધકારમાં ભાવિ તમારું ઉજાળશે એ બાપ છે.

સંઘર્ષ તો સંતાનો માટે સદા લખ્યો છે એના કઠણ કપાળે,
જગની તાકાત સામે જજુમશે પણ ઝૂકશે નહી એ બાપ છે.

"મિત્ર" ભલે સર્વસ્વ દાવમાં મુકી રમ્યો હોય આખરી બાજી,
એ જીંદગી હારી ને પણ, અંતે તમને જીતાડશે એ બાપ છે.

વિનોદ સોલંકી મિત્ર લખતર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOGSS NO :373***
★વિષય : ફાધર્સ ડે★
★શીર્ષક : પિતા★
★પ્રકાર : પદ્ય શબ્દ : ૪૯★
શાંત વહેતો દરિયો એટલે પપ્પા.
પ્રેમનો સાચો ખજાનો એટલે પપ્પા.

લાગણી સંગે વહેતી નદી છે પપ્પા.
દીકરાના હૃદયનો કિનારો છે પપ્પા.

સાસરે જતી દીકરીનો ખંભો પપ્પા.
આંસુઓ લૂછી સંગે રહેનાર પપ્પા.

બધું સહી શાંત રહેનાર છે પપ્પા.
સુખ દુખનો સંગમ એટલે પપ્પા.
રૂપલ દવે "રૂપ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO:383**
વિષયઃ ફાધર્સ ડે
શીર્ષકઃ પિતા એટલે...
પ્રકારઃ લેખ (ગદ્ય) શબ્દોઃ૨૬૩

"પિતા એટલે એક એવી હસ્તી,
જેમાં આખા પરિવારની વસ્તી હસતી..."

ધરતી પર સૌથી પહેલા ઈશ્વરીય દૂત
આભાર - નિહારીકા રવિયા એટલે પિતા...
આ બે શબ્દોમાં આખે આખું વિશ્વ છુપાયું છે. પ્રેમના અનેક સ્વરૂપ હોય પણ પિતા અને સંતાનનો પ્રેમ દુનિયામાં સૌથી અલગ હોય છે.

પિતા એટલે બાળક માટેની પહેલી ઓળખ. એક એવું સપોર્ટ સિસ્ટમ છે જે કેમેરાની પાછળ અદ્રશ્ય રહે છે. એવી રીતે પિતા પણ બાળકના ઉછેરમાં મહત્વની અદ્રશ્ય ભૂમિકા ભજવે છે.

એવી કેટલાય પળો હોય છે, જ્યારે ઘરમાં બધું ઠીક હોય છે શાંતિ હોય છે, સ્મિત હોય છે અને એ બધાની પાછળ કોઈ એક મૌન વિરાટ શક્તિ ઉભી હોય છે... એ છે પિતા.

પિતાનું સ્થાન ક્યારેય ખુલ્લેઆમ નથી હોવાનું. તેઓ વાતોમાં નહી કહે કે શું ગુમાવ્યુ છે! પણ પરિવારના દરેક હસતાં ચહેરાની પાછળ એમની અનેક બેદરકાર રાતો, મૌન વાતો અને ખાલી ખિસ્સા છુપાયેલા હોય છે. નાના મોટા ત્યાગની વાર્તા છે પિતા..

પિતા એ માણસ નથી, એ તો એક આધાર છે. એક એવો શખ્સ કે એની હાજરી હંમેશા સાથ આપે છે. જ્યારે જ્યારે સહારો જોઈએ ત્યારે એ હંમેશા પર્વત બની પીઠ થબથબાવે છે.

દીકરી હોય કે દીકરો, બંને માટે પિતા એ એક એવી જમીન છે, જ્યાં સ્વપ્ન ઉગે છે.

એક દીકરી માટે પિતા પહેલો પ્રેમ હોય છે. – જેમાં મમતા પણ હોય, ગૌરવ પણ અને લાડ દુલાર પણ હોય....
અને એક પુત્ર માટે પિતા એ પોતાના પડછાયાનો નિમિત્ત હોય છે. દીકરાનો પહેલો મિત્ર એટલે પિતા...

આમ, આ હસ્તી જો ઊભી રહે તો આખો પરિવાર ઊભો રહે. પિતા છે તો બધું છે. જીવનમાં કોઇ પણ સંઘર્ષ આવે, પિતાનો સ્પર્શ જ સામનો કરવા પરિબળ બની ઉભો રહે છે.

શબ્દોમાં ઢાળી શકું એવી હસ્તી નથી.
પિતા વગર મારી દુનિયા હસતી નથી...

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No :230**
વિષય : ફાથર્સ ડે
શીર્ષક : પપ્પાને મળવા
પ્રકાર : ગદ્ય શબ્દ : ૩૫૦
દીકરી એટલે વ્હાલનો દરિયો. દીકરી જ્યારે પપ્પાની લાડકવાયી હોય અને વરસોથી પરદેશમાં વસી ગઈ હોય તો? અચાનક દીકરીને સમચાર મળે કે તારા વહાલસોયા પિતા છેલ્લાં શ્વાસ ગણી રહ્યા છે. દીકરી ઝટ ટીકીટ કઢાવી પ્લેનમાં બેસે છે..એક એક મિનીટ એક એક વરસ જેવી જાય છે. આખું બચપણ નજર સામેથી પસાર થઈ જાય છે. આંખોનાં આંસું સુકાતાં નથી અને દીકરી દેશમાં પહોંચે છે, જ્યારે પપ્પાનો સુકાઈ ગયેલો હાથ પોતાનાં હાથમાં લઈને કહે છે ,'પપ્પા તમારી દીકરી પરદેશથી આવી છે પપ્પાને મળવાં' પપ્પાની ફીકી આંખો દીકરીને ઓળખી શકતી નથી અને પૂછે છે ,'આ બહેન કોણ છે? ત્યારે જે હાલત દીકરીની થાય છે ખરેખર એ હાલત શબ્દોમાં વર્ણવી ખૂબ અઘરી છે. એટલે આ એક પ્રયાસ છે પણ હજુ પૂરી લાગણી વ્યકત નથી થઈ. પરદેશમાં રહેતી દરેક દીકરીની વ્યથા વર્ણવાનો પ્રયાસ છે.

પપ્પાની દીકરી ગઈ પપ્પાને મળવાં,
રડતી રડતી તડપતી પપ્પાને મળવાં.
ઘર તો જાણે સુનું હતું દરવાજા રડતાં
જલ્દી જલ્દી પહોંચી પપ્પાને મળવાં.
પકડીને હાથ એ ઢગલો થઈ ગઈ ત્યાં
પથારીમાં જોઈને ભાગી પપ્પાને મળવાં.
ફીકી ને સુની એ આંખો શું બોલી ?
બચપણ શોધવાં ગઈ પપ્પાને મળવાં
"પપ્પા, લો દીકરી આવી પરદેશથી,
અંતર લાંબાં એ કાપી પપ્પાને મળવાં"
પપ્પા તાકી રહ્યા ખાલી આંખોથી કહ્યું
'આ કોણ બેન છે? આવી પપ્પાને મળવાં
દિલમાં ઊંડુ કશું ખૂંચી ગયું ,કંપી ગઈ
"હું છું તમ અંશ આવી હું પપ્પાને મળવાં ."
પંખી ઊડી ગયું પપ્પા સિધાવ્યા પરલોક
'સપના' ક્યારે જશે હવે પપ્પાને મળવાં ?

પપ્પા એટલે શું?
પપ્પા એટલે પરીક્ષામાં નાપાસ થવા છતા નવા ચોપડા નવુ દફતર નવો યુનિફોંમ અપાવે તે વ્યક્તિ!

પપ્પા એટલે નિરાશા ને વખતે કહે"ચાલ બેટા એક પાટી કેરમની થઇ જાય , કે પછી બાનાં ખીજાવાં છતાં મેટેની શો ની ટિકીટ લઇ આવે તે પપ્પા!
વરસાદમાં સ્કુલ ની છુટ્ટી વખતે સ્કુલ ને દરવાજે છત્રી લઇ રાહ જોતી વ્યક્તિ એટલે પપ્પા .

દુરદર્શનનું સિગ્નલ મેળવવા અગાસીમાં એન્ટિનાને ઘુમાવે તે પપ્પા.

શિયાળામાં સગડી પેટાવી ધાબળામાં હુંફ આપે તે પપ્પા કે પછી ઠંડીમા અડદીયો પાક, ગરમીમાં કેરીની મીઠાશ અને ચોમાસામાં ભજીયાં ની બહાર એટલે પપ્પા.

બગીચાના ફૂલ તેમજ ઘરના ફૂલની માવજત કરે તે માળી એટલે પપ્પા

જેમને ગયાને આટલાં વર્ષ થયાં છતાં તેની યાદમા અર્ધી રાતે આંખમાંથી આંસું ટપકે અને ઓશીકું ભીંજાય તેનુ નામ પપ્પા.

સપના વિજાપુરા.અમેરિકા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS: No :211**
વિષયઃ ફાધર્સ ડે
શિર્ષકઃ ફાધર્સ ડે
પ્રકાર : પદ્ય. શબ્દ : ૯૬

બાપુજી કહું, પપ્પા કહું, કે પછી બાપ કહું,
તમે થી સંબોધું કે પછી તમને હું આપ કહું?

રાહ સાચો ચીંધતી વેળાનો તમારો એ મિજાજ,
છૂપાયેલ સૂર્યની શીતળતા કે પ્રજ્જવલતો તાપ કહું?

શિખરે બિરાજમાન નથી તો સાવ તળિયે પણ નથી,
આ થોડીઘણી સફળતાને હું આપનો જ પ્રતાપ કહું.

અજાણતા કોકવાર દિલ દુભાવ્યું હશે આપનું,
આ રચનાને હું એ કરેલ પાપનો પશ્ચાતાપ કહું.

દુનિયામાં આગમન તમ દેવતાના આંગણે 'મુકેશ',
પૂર્વજન્મમાં કરેલ મારા મંત્રોચ્ચાર અને જાપ કહું.
-મુકેશ પરીખ.અમેરિકા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**[NOG SS No 321**
વિષય ..ફાધર્સ ડે
શીર્ષક. વટવૃક્ષ
પ્રકાર . ગદ્ય.,શબ્દ.. ૨૫૦

ફાધર્સ ડે ..પિતાના પ્રેમ અને બલિદાનને યાદ કરવાનો એક વિશેષ દિવસ

દર વર્ષે જૂન મહિનાના ત્રીજા રવિવારે આપણે ફાધર્સ ડે મનાવીએ છીએ. આ દિવસ માત્ર પિતાને ગિફ્ટ આપવાનો દિવસ નથી ,એ તો પિતૃત્વના મૂળ મર્મને સમઝવાનો મોકો છે.

પિતા એ માત્ર પરિવારનો કમાણી કરનાર વ્યક્તિ નથી. તે એ છે, જે સંતાનના પ્રથમ હીરો હોય છે. પિતા એ છે જે પોતાની જરૂરિયાતોને પાછળ રાખી, બાળકોના ભવિષ્ય માટે લડ્યા કરે છે.

પિતાનું સ્થાન દરેક બાળકોના જીવન માં કઈ અલગજ હોય છે
માતાનો પ્રેમ દયાળુ અને સહજ હોય છે, જ્યારે પિતાનો પ્રેમ શાંત, મજબૂત અને ઘણું બધું આંતરિક હોય છે. તે દરેક વાત બોલતા નથી, પણ તેમના કર્તવ્યમાં તેઓ કદી પાછળ નથી રહેતા.

ક્યારેક આપણને લાગે કે પિતા "ખામોશ" છે, "કઠોર" છે પણ એની પાછળ એક અતૂટ લાગણીશીલતા છુપાયેલી હોય છે.

"ફાધર્સ ડે કેમ મનાવીએ?"

ફાધર્સ ડે એ યાદ અપાવે છે કે આપણે પિતાને માત્ર પિતા તરીકે નહીં, પણ માનવ તરીકે પણ ઓળખવાની જરૂર છે. તેમની મહેનત, સંઘર્ષ, અને પ્રેમને સ્વીકારવાની જરૂર છે.
આ દિવસે આપણે પિતાને આભાર કહી શકીએ છીએ ,એક સંવાદ દ્વારા, એક સરસ કાર્ડ દ્વારા, કે માત્ર થોડો સમય સાથે બેસીને.

બાળક માટે પિતા વટવૃક્ષ છે એક માર્ગદર્શક છે
એક શાંત હિમાલય જે પોતાની અંદર તોફાન છુપાવીને, સંતાનને શાંતિ આપે છે
અંતમાં, ફાધર્સ ડે એ એક દિવસ માટેજ હોય છે પણ આપણે પિતાનું મૂલ્ય દરરોજ માનવું જોઈએ. કારણ કે પિતા એ એ વટવૃક્ષ છે જે પોતે બધુજ હસતા મોઢે સહન કરીને અને જીવન જીવીને, સંતાન માટે બધું જ આપી દે છે.
?? સુચિતા રાવલ "સૂચિ "

# સાબરકાંઠા અરવલ્લી જિલ્લા ભારત સ્કાઉટ-ગાઈડ સંઘની કારોબારી સભા નવા સર્કિટ હાઉસ, હિંમતનગર મુકામે યોજાઈ



સાબરકાંઠા અરવલ્લી જિલ્લા ભારત સ્કાઉટ-ગાઈડ સંઘની કારોબારી સભા સર્કિટ હાઉસ હિંમતનગર મુકામે તારીખ ૧૪ જુન ૨૦૨૫ને શનિવારના રોજ યોજવામાં આવી હતી. અરવલ્લી જિલ્લા ચીફ કમિશનર શ્રીમતિ સંગીતાબેન સોની તથા સાબરકાંઠા જિલ્લા ચીફ કમિશનર શ્રી અતુલભાઈ દીક્ષિત તેમજ અન્ય હોદ્દેદાર શ્રીઓ આ સભામાં ઉપસ્થિત રહ્યા હતા. કારોબારી સભાની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ અમદાવાદ મુકામે પ્લેન અકસ્માત થી મૃત્યુ પામેલા ભારતીય નાગરિકોને મૌન પાડીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ત્યારબાદ જિલ્લા ટ્રેનીંગ ગાઈડ કમિશનર વૈશાલીબેન પટેલે કારોબારીના તમામ સભ્યોનું સ્વાગત કર્યું હતું. સ્કાઉટ કમિશનર નીતિનભાઈ ગુર્જરે સમગ્ર વર્ષ દરમિયાન કાર્યક્રમની રૂપરેખા આપી હતી અને સાબરકાંઠા જિલ્લામાં અને અરવલ્લી જિલ્લામાં વધુમાં વધુ રાજ્ય પુરસ્કાર બાળકો થાય એવી સૂચનાઓ આપીને કેવી રીતે કામગીરી કરવી તેનું માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ જિલ્લા ચીફ કમિશનર શ્રી અતુલભાઈ દીક્ષિત દ્વારા એજન્ડા પ્રમાણેની કાર્યવાહી કરવામાં આવી હતી. તેમાં વર્ષ દરમિયાનના કાર્યક્રમો તેમજ બેઝિક અને એડવાન્સ તાલીમ કોર્સ શિક્ષકો માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઇડર ખાતે જુલાઈ માસમાં યોજવામાં આવશે તેની માહિતી આપવામાં આવી હતી. ૨૧ મી જૂન વિશ્વ યોગ દિવસની ઉજવણી ૧૫ જૂનથી ૨૦ જૂન જ્યાં સ્કાઉટ ગાઈડ સંઘ ની પ્રવૃત્તિ ચાલે છે ત્યાં તે ગામ-નગર માં જાહેર સ્થળ પર સ્કાઉટ ગાઈડ દ્વારા નાગરિકોને યોગ કરાવવામાં આવશે તેની સંપૂર્ણ માહિતી આપી હતી. ત્યારબાદ સ્કાઉટ ગાઈડ ના કેટલાક પ્રશ્નોનું નિરાકરણ ને છણાવટ કરવામાં આવી હતી અને છેલ્લે સભાના અંતે સોનલબેન ડામોર જિલ્લા રેંજર કમિશનર આભાર વિધિ રજૂ કરી હતી અને કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના તમામ કારોબારી સભ્યોએ સાથે ભોજન લીધું હતું.

# રાજ્ય સરકારની સંપૂર્ણ સજ્જતાથી નશ્વર અવશેષો સોંપવાની કામગીરી વધુ ઝડપી બની

અમદાવાદ વિમાન દુર્ઘટના બાદ રાજ્ય સરકારે ત્વરિત એક્શન સાથે ગણતરીની મિનિટોમાં રાહત-બચાવ કામગીરી શરૂ કરી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારની આપદા પ્રબંધનની સંપૂર્ણ સજ્જતાથી વિવિધ તંત્રના સંકલન-સહયોગથી નશ્વર અવશેષો સોંપવાની કામગીરી ઝડપી બની છે.

હાલમાં, એફ.એસ.એલની ૩ ટીમ દ્વારા ડીએનએ સેમ્પલ એનાલીસીસની કામગીરી ચાલી રહી છે તેમાં અત્યાર સુધીમાં ૨૪૮ સગાં-સંબંધીઓના બલ્ડ સેમ્પલ લેવામાં આવ્યાં છે. ગઈ કાલે ૮ મૃતદેહોની ઓળખ કરવામાં આવી છે, જે મુસાફરો નહિં પરંતુ વિમાન દુર્ઘટના સ્થળ આસપાસના રહેવાસી હતા. તેને કાનૂની પ્રક્રિયા બાદ તેમના સંબંધીઓને સોંપવામાં આવ્યા હતા. આજે વધુ ૧૧ મૃતદેહોની ઓળખ કરવામાં આવી છે તેમાંથી ૯ મૃતદેહો સુપરત કરવામાં આવ્યાં છે જ્યારે અન્ય ૨ સુપરત કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આરોગ્ય વિભાગે ટ્રોમા સેન્ટર ખાતે ઓર્થોપેડિક, ન્યુરો, મેડિસિન, પ્લાસ્ટિક અને બર્ન્સના ૧૦૦ જેટલા નિષ્ણાંતો-સહાયકોની ૫ ટીમ તેમજ પોસ્ટમોર્ટમ રૂમ ખાતે ૩૨ નિષ્ણાંતો અને ૨૦ સહાયકોની ટીમ તેમજ બી.જે. મેડિકલ કોલેજના કસોટી ભવન ખાતે ૧૨ નિષ્ણાંતોની ટીમ કાર્યરત કરી છે.

રાજ્ય સરકારે નશ્વર અવશેષોની સગા-સંબંધીઓને સોંપવા માટે ડૉક્ટર્સ, સહાયકો, ડ્રાઈવરોની ૫૯૧ ટીમ મેમ્બર્સ સહિત ૧૯૨ એમ્બ્યુલન્સની વ્યવસ્થા રાજ્ય સરકારે કરી છે. નશ્વર અવશેષો લઈ જવા માટે એમ્બ્યુલન્સ અને પોલીસ પાયલોટ સેવા પણ પ્રદાન કરવામાં આવે છે. સંબંધિત જિલ્લાઓમાં નશ્વર અવશેષોને સંબંધિત જિલ્લાઓમાં પહોંચાડવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કુલ ૨૩૦ ટીમની રચના કરવામાં આવી છે. આ માટે અમદાવાદ જિલ્લા વહીવટી તંત્રએ પણ ૨૩૦ કર્મચારીઓની નિમણૂંક તથા કામગીરીના સંકલન માટે ત્રણ નાયબ કલેક્ટર કક્ષાના અધિકારની નિમણૂંક કરી છે. તેમજ હવાઈ માર્ગે મૃતદેહ લઈ જવા માંગતા લોકો માટે રાજ્ય સરકાર એર ઈન્ડિયા સાથે સંકલન કરવામાં આવી રહ્યું છે.

હોસ્પિટલ તંત્ર, જિલ્લા વહીવટી તંત્ર અને સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરની મદદ માટે રાજ્ય સરકાર દ્વારા ૫ ઁછજી અધિકારીઓ, ૨૫ અધિક/નાયબ કલેકટર, ૨૫ મામલતદારની સેવા પૂરી પાડવામાં આવી છે. તેમના દ્વારા મુખ્યત્વે નશ્વર અવશેષો તેમના કુટુંબીજનોને ઝડપથી સુપરત કરી શકાય તે અંગેની કામગીરી સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.

દુર્ઘટનામાં અસરગ્રસ્તને મદદરૂપ થવા માટે બી.જે. મેડિકલ કોલેજના કસોટી ભવનમાં હેલ્પડેસ્ક ઊભું કરાયું છે, જેમાં કન્ટ્રોલ રૂમના સંકલન સહિતની તમામ વ્યવસ્થા કાર્યરત કરવામાં આવી છે. અત્યાર સુધીમાં સિવિલ હોસ્પિટલ, જીઈઝ,પોલીસ, ૧૦૮ સહિતની હેલ્પલાઈન તેમજ કંટ્રોલ રૂમ પર ૬૦૦થી વધુ ફોન કોલ્સ આવ્યાં છે, જે અન્વયે યોગ્ય સંકલનથી કાર્યવાહી કરવામાં આવી છે. નશ્વર અવશેષો સોંપતી વખતે, રાજ્ય સરકાર દ્વારા મૃત્યુ પ્રમાણપત્ર, અકસ્માત મૃત્યુ કેસ (છજ્ઞ) રિપોર્ટ, પોલીસ તપાસ, પોસ્ટમોર્ટમ નોટ, જીદ્ગછ મેચિંગ અંગેનો હ્લજીન્ રિપોર્ટ, શરીર પર મળેલા કોઈપણ ઘરેણાં અથવા વસ્તુઓ પણ સોંપવામાં આવી રહી છે. વિમાન અકસ્માતની આ દુર્ઘટનામાં રાહત અને બચાવની કામગીરીમાં સ્થાનિક રહેવાસીઓ, ખાનગી ડૉક્ટર્સ અને પ્રજાજનો સરકારની સાથે ખભે ખભો મિલાવી સહયોગી બન્યા હતાં. દુર્ઘટના સમયે તરત જ સ્થાનિક રહેવાસીઓ તંત્રના સહયોગમાં જોડાયાં હતાં અને ઘાયલોને બહાર કાઢવા, આગ બુઝવવા વગેરે કામગીરીમાં સરકારની એજન્સીઓને સહયોગી થયા હતાં.

આ ઉપરાંત, ઈન્ડીયન મેડીકલ એશોસીએશન (ૈંસ્છ)ના આશરે ૧૦૦ જેટલા ડૉક્ટરો બચાવ કામગીરીમાં જોડાયા હતાં. તેમજ જુદા જુદા ૪ સ્થળોએ યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પ મારફતે આશરે ૧૩૦૦ યુનિટ જેટલું બ્લડ એકત્રિત કરવામાં આવ્યું હતું.

પરિજનોને વિનંતી છે કે, તેઓ ફક્ત અમદાવાદ સિવિલ હોસ્પિટલના ડેઝિગ્નેટેડ નંબર પરથી અધિકૃત વ્યક્તિ દ્વારા કરવામાં આવેલા ફોન કોલને જ ધ્યાને લે. આ કોલમાં જ ડ્ઢદ્ગછ મેચ થયાની અને પાર્થિવ દેહ લેવા આવવાની જાણ કરવામાં આવશે. અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા જાહેર કરાયેલા અધિકૃત નંબરો નીચે મુજબ છે, જેનો ઉપયોગ પરિજનોનો સંપર્ક કરવા માટે કરવામાં આવી રહ્યો છે: ૯૪૨૯૯૧૫૯૧૧, ૯૪૨૯૯૧૬૦૯૬, ૯૪૨૯૯૧૬૧૧૮, ૯૪૨૯૯૧૬૩૭૮, ૯૪૨૯૯૧૬૬૦૮, ૯૪૨૯૯૧૬૬૨૨, ૯૪૨૯૯૧૬૬૮૨, ૯૪૨૯૯૧૬૭૫૮, ૯૪૨૯૯૧૬૭૭૧, ૯૪૨૯૯૧૬૮૭૫.

આમ, સમગ્ર વહીવટી તંત્ર દુર્ઘટનાની ક્ષણોમાં તમામ પરિવારજનો સાથે રૂબરૂ સંપર્ક કરી તેઓનાં પરિવારજનોની સિવિલ હોસ્પિટલ ખાતે સેમ્પલીગ વ્યવસ્થા, એરપોર્ટથી ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા, રહેવા-જમવાની વ્યવસ્થા, વાહન વ્યવસ્થા વગેરે બાબતોમાં મદદરૂપ થઈ આપત્તિના આ કપરાંકાળમાં સહાનુભૂતિપૂર્ણ કામગીરી કરી છે.

# કચ્છના લાખાપરમાં ૫૩૦૦ વર્ષ જૂની હડપ્પન સંસ્કૃતિના અવશેષ મળ્યાં, કેરાલા યુનિવર્સિટીના ખોદકામ દરમિયાન મળી સફળતા

કેરાલા યુનિવર્સિટીના પુરાતત્ત્વવિદોએ ગુજરાતના પશ્ચિમ કચ્છમાં લાખાપર ગામ નજીક ૫,૩૦૦ વર્ષ જૂની વસાહત શોધી કાઢી છે. ખોદકામ દરમિયાન એક પ્રાચીન હડપ્પા વસાહત સામે આવી છે. આ સ્થળની ઓળખ સૌપ્રથમ ૨૦૨૨માં કેરાલા યુનિવર્સિટીના પુરાતત્ત્વ વિભાગના અભયન જીએસ અને રાજેશ એસવીની આગેવાની હેઠળની ટીમ દ્વારા કરવામાં આવી હતી. આ ઉત્ખલનથી હડપ્પા સંસ્કૃતિના ફેલાવા અને જીવનશૈલી અંગે નવી માહિતી પ્રકાશમાં આવી છે. લાખાપર-ઘડુલી ગામના રસ્તા નજીકના ખેતરમાંથી પ્રાચીન ગામના અવશેષો મળી આવ્યા હતા. જેમાં સિમેટરી એરિયામાંથી ૧૯૭ બરિયલ મળી આવ્યા છે. હાલ આ સ્થળ પર ખેતર આવેલું છે. આ પુરાતત્ત્વીય અવશેષો લગભગ ૩ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલા છે. ૨૦૧૯-૨૦ અને ૨૦૨૨માં જૂના ખટીયા ગામ ખાતે કરવામાં આવેલા ખોદકામમાં ૧૯૭ બરિયલ (કબર) મળ્યા હતા. જેને ધ્યાનમાં રાખીને આસપાસના વિસ્તારોમાં પુરાતત્ત્વીય સરવે કરવામાં આવ્યો હતો. જેમાં આ અવશેષો મળી આવ્યા છે.

લાખાપર ખાતેની શોધ હવે દફન ટેકરા માટે એક મહત્ત્વપૂર્ણ રહેઠાણ સંદર્ભ પ્રદાન કરે છે, જે શુષ્ક કચ્છ રણમાં ગતિશીલ, એકબીજા સાથે જોડાયેલા સાંસ્કૃતિક લેન્ડસ્કેપ સૂચવે છે. ખોદકામમાં સ્થાનિક રેતીના પથ્થર અને શેલથી બનેલા માળખાકીય અવશેષો, દીવાલો મળી આવી છે, જે સુઆયોજિત બાંધકામ પ્રવૃત્તિઓ દર્શાવે છે. નોંધનીય છે કે, પ્રારંભિક અને ક્લાસિક હડપ્પા બંને તબક્કામાં માટીકામની હાજરી, જે લગભગ ૩૩૦૦ બીસીઈ સુધીની છે. આ શોધોમાં અત્યંત દુર્લભ વાસણોનો સમાવેશ થાય છે, જે અગાઉ ગુજરાતમાં ફક્ત ત્રણ સ્થળોથી જ મળતા હતા. લાખાપરમાં આ વિશેષ સિરામિક પરંપરાની હાજરી મોટી હડપ્પા સભ્યતાની અંદર એક સાંસ્કૃતિક રૂપે અદ્વિતીય સમૂહ તરફ ઈશારો કરે છે. રસપ્રદ વાત એ છે કે, વસાહતની નજીકમાં એક માનવ દફન પણ મળી આવ્યું છે. આ હાડપિંજર ખૂબ જ ખરાબ સ્થિતિમાં સચવાયેલું છે, પરંતુ તેને સીધું એક ખાડામાં દફન કરવામાં આવ્યું હતું, જેમાં કોઈ વાસ્તુકલા અથવા ચિહ્ન જોવા નથી મળતા.



સંશોધકોએ જણાવ્યું કે, 'ખોદકામ દરમિયાન વાસ્તુકલા અને માટીના વાસણો સિવાય કલાકૃતિઓની એક સમૃદ્ધ હારમાળા સામે આવી છે. કાર્નેલિયન, એગેટ, અમેઝોનાઈટ અને સ્ટીટાઈટથી બનેલા પથ્થર, મોતી, શૈલ આભૂષણ, તાંબા અને ટેરાકોટાની વસ્તુઓ મળી આવી છે. આ તમામ વસ્તુઓ સિંધ સાથેના સંબંધોનો સંકેત આપે છે. 'ખોદકામ દરમિયાન ગાય, બકરી માછલીઓના હાડકા અને ખાવા યોગ્ય શંખ-છીપલાના અવશેષોથી જાણ થાય છે કે, અહીં વસનારા પશુપાલન અને જળ સંસાધનો પર નિર્ભર હતા. વનસ્પતિનો ઉપયોગ અને પ્રાચીન આહારને સમજવા માટે પુરાતાત્વિક વનસ્પતિ વિજ્ઞાન વિશ્લેષણ માટે નમૂના લેવામાં આવ્યા છે.

# ડુપ્લીકેટ સોનાના દાગીના પધરાવી ઠગે અમદાવાદ રેલવેના ચીફ ટિકિટ ઈન્સ્પેક્ટરને રૂ.૭ લાખનો ચૂનો ચોપડયો




અમદાવાદ રેલવે હેડક્વાર્ટર ખાતે ફરજ બજાવતા ચીફ ટિકિટ ઈન્સ્પેક્ટરને એક શખ્સે સોનાના દાગીના અને લગડી આપવાના બહાને ડુપ્લીકેટ દાગીના પધરાવી રૂપિયા ૭ લાખ પડાવી લીધા હતા. જેથી ટીસીએ ચૂનો ચોપડનાર વિરુદ્ધ વડોદરા રેલવે પોલીસમાં ઠગાઈની ફરિયાદ નોંધાવી છે. અમદાવાદ હેડ ક્વાર્ટરમાં ચીફ ટિકિટ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા રાજેશકુમાર બજરંગલાલ ખીચીએ વડોદરા રેલવે પોલીસમાં ફરીયાદ નોધાવી છે કે, હું ગઈ ૩૦ મેના રોજ મારી નોકરી અમદાવાદથી સુર્યનગરીમાં બાન્દ્રા અને બાન્દ્રાથી સુર્યનગરી ટ્રેનમાં અમદાવાદ સુધીની હતી. દરમિયાન હું મુસાફરોની ટીકીટ ચેક કરતો અમદાવાદ જતો હતો ત્યારે વિશ્વામિત્રી અને વડોદરા રેલવે સ્ટેશન વચ્ચે રાજુભાઈ નામના ઈસમે મને જણાવેલ કે હું કડીયા કામ કરૂ છું મારી છોકરીના લગ્ન માટે પૈસાની જરૂર છે મારી પાસે કડીયા કામ કરતા દરમ્યાન સોના-ચાંદીની જુની વસ્તુઓ મળેલ છે. તમે કોઈની પાસે વેચાણ કરીને મને મદદ કરો તેમ કહી મને એક લગડી આપી હતી. જેથી મેં તે ઈસમનો મોબાઈલ નંબર લીધો હતો અને મારો પણ તેને નંબર આપ્યો હતો. એક લગડી મેં સોનીને બતાવતા જે સોનાની હોવાનું જણાવ્યુ હતું. ત્યારબાદ ૨ જૂનના રોજ સવારના આશરે આઠેક વાગ્યાની આસપાસ મારા મોબાઈલ ફોન પર આ ઈસમની ફોન આવેલ અને જણાવ્યું હતું કે મારી દિકરીના લગ્ન લેવાના હોય રૂ.૧૦ લાખની જરૂર છે. જેથી મારી પાસેની સોનાની તમામ વસ્તુઓ તમને આપી દઈશ તમે મને ૧૦ લાખ આપો. જેથી મેં તેઓને જણાવેલ કે હું તમને ૭ લાખ આપી શકીશ. જેથી તેઓ રાજી થયા હતા. ટીસીએ બેંકમાંથી રૂપિયા ૮.૦૭ લાખની લોન લઈને ૪ જૂને તે શખ્સને આણંદ ખાતે આણંદ ખાતે બોલાવ્યો હતો અને રૂપિયા તેના હાથમાં આપતા તેણે મને સોનાની લગડી અને દાગીના ભરેલી બે થેલી આપી હતી. ત્યારબાદ આ શખ્સ રૂપિયા લઈને નીકળી ગયો હતો. મેં ઘરે જઈને તેને ફોન કરતા તેનો ફોન સ્વીચ ઓફ આવતો હોય શંકા ગઈ હતી. જેથી મે સોનીને દાગીના અને લગડી બતાવતા તેઓએ ડુપ્લીકેટ હોવાનું જણાવ્યું હતું. આમ ઠગ મને સોનાના દાગીના અને લગડી આપવાના બહાને મારી પાસેથી રૂપિયા ૭ લાખ પડાવીને મારી સાથે છેતરપિંડી આચરી છે.

# લોક રક્ષકની પરીક્ષા માટે તંત્ર સજ્જ:ગાંધીનગરમાં ૨૯ કેન્દ્રો પર આવતીકાલે પરીક્ષા, કડક સુરક્ષા વ્યવસ્થા

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોક રક્ષક કેડરની ૧૨,૦૦૦ જગ્યાઓ માટે આવતીકાલે રવિવારે લેખિત પરીક્ષા યોજાશે. ગાંધીનગર જિલ્લામાં કુલ ૨૯ કેન્દ્રો પર પરીક્ષા લેવાશે, જેમાંથી ૧૭ કેન્દ્રો ગાંધીનગર શહેરમાં છે. દરેક કેન્દ્ર પર ૩૦૦ જેટલા ઉમેદવારો પરીક્ષા આપશે. પરીક્ષા પહેલાં ઉમેદવારોનું બાયોમેટ્રિક વેરિફિકેશન કરવામાં આવશે. સમગ્ર પરીક્ષા સીસીટીવી કેમેરાના મોનિટરિંગ હેઠળ યોજાશે. આ પરીક્ષા અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને આણંદમાં પણ લેવાશે. જિલ્લા મેજિસ્ટ્રેટે પરીક્ષાના સમયે સવારે ૯:૩૦થી બપોરે ૧૨:૩૦ દરમિયાન વિશેષ આદેશો જાહેર કર્યા છે. પરીક્ષા



કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ઝેરોક્ષ સેન્ટર્સ અને દુકાનો બંધ રહેશે. લાઉડસ્પીકર વગાડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

પરીક્ષા કેન્દ્રોમાં સક્ષમ અધિકારી સિવાય કોઈને મોબાઈલ કે અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો લઈ જવાની મનાઈ છે. પુસ્તકો, કાપલીઓ અને ઝેરોક્ષ નકલો લઈ જવા પર પણ પ્રતિબંધ છે. હથિયારો સાથે પ્રવેશ નિષેધ છે. પરીક્ષા દરમિયાન પ્રતિબંધિત વિસ્તારમાં પાનના ગલ્લા અને ચા-નાસ્તાની દુકાનો પણ બંધ રહેશે.

# "પાંચ દિવસીય નિઃશુલ્ક યોગ શિબિર"

**કેવલ બાગ યોગ સેન્ટર, જે છેલ્લા ૩૯ વર્ષો થી અવિરત અને નિયમિત રીતે ચાલતું "યોગાભ્યાસ કેન્દ્ર" છે, તેનાં દ્વારા ૨૧મી જુન "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" નાં ઉપલક્ષ્યમાં, દર વર્ષની જેમ આ વર્ષે પણ, યોગી શ્રી કિરીટભાઈ ભટ્ટ નાં સુંદર અને સફળ નેતૃત્વ હેઠળ,પાંચ દિવસીય નિઃશુલ્ક યોગ શિબિર નું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.**

**આ શિબિરમાં,યોગી શ્રી કિરીટભાઈ ભટ્ટ દ્વારા પ્રાણાયામ, આસનો, પાવર યોગ અને ધ્યાનના વિષયમાં, ખૂબ જ સુંદર અને સરળ ભાષામા સમજાવવામાં આવશે અને તેની સાથે સાથે વાસ્તવિક રીતે કરાવવામાં પણ આવશે. તો આવી સુંદર અને આપણા જીવન માટે અત્યંત ફાયદાકારક "નિઃશુલ્ક યોગ શિબિરમાં" (ઓન લાઈન અને ઓફ લાઈન રીતે) સહભાગી થવા માટે દરેકને ભાવભર્યું આમંત્રણ આપવામાં આવે છે.**

**શિબિરમાં ભાગ લેનાર દરેક ને સર્ટિફિકેટ આપવામાં આવશે.**

**(સોમવાર તા.૨૩/૦૬/૨૦૨૫ થી શુક્રવાર તા.૨૭/૦૬/૨૦૨૫.**

**સમય સવારે ૭:૦૦ થી ૮:૧૫. ઓન લાઈન અને ઓફ લાઈન)**

**સ્થળ: કેવલ બાગ,કિલાચંદ રોડ, ફ્લાયઓવર ની બાજુમાં, કાંદીવલી (પશ્ચિમ), મુંબઈ ૪૦૦૦૬૭.**

# સુરતના મોટા વરાછાની ટીપી સ્કીમ નંબર ૯૪નો પ્રાથમિક નકશો જાહેર , તમામ બ્લોક નંબરવાળી જમીનમાં એક સરખી ૪૦ ટકા કપાત મળશે

સુરત શહેરના વિકાસમાં ટીપી સ્કીમનો ફાળો મહત્વનો રહેલો છે અને પાલિકા દ્વારા હાલમાં જ ટી.પી સ્કીમ નંબર ૯૪ નો પ્રાથમિક નકશો ગઈકાલે જાહેર કરવામાં આવ્યો છે. આ નકશાની જાહેરાત સાથે પાલિકાએ આ વિસ્તારમાં જગ્યા ધરાવતા માલિકો સાથે બેઠક પણ શરૂ કરી દીધી છે અને આગામી દિવસમાં વાંધા સૂચનો પણ મંગાવવામાં આવશે. પાલિકાએ આ ટીપી સ્કીમ નંબર ૯૪ નો નકશો જાહેર કર્યો હતો. જેમાં પહેલી વખત એવું આયોજન કરાયું છે કે, તમામ બ્લોક નંબર વાળી જમીનમાં એક સરખી ૪૦ ટકા કપાત સુરત પાલિકાને મળશે. સુરત પાલિકા દ્વારા ૧૧૯.૫૧ હેક્ટર વિસ્તાર માટે ટીપી સ્કીમ નંબર ૯૪ (મોટા વરાછા)નો પ્રાથમિક નકશો ગઈકાલે જાહેર કર્યો હતો. સુરત પાલિકાએ ગઈકાલે નકશો જાહેર કરવા સાથે આ ટીપી સ્કીમમાં જેમની જગ્યા હોય કે હિત ધરાવતા હોય તેવા માલિકો સાથે પાલિકાની મુખ્ય કચેરીએએક બેઠકનું આયોજન કર્યું હતું. ટીપી સ્કીમ નંબર ૯૪ ના વિસ્તારમાં આંતરિક રોડ કનેકટીવીટી ઉપરાંત આઉટર રીંગરોડશ્વને જાડતા સીધા કનેક્શન રોડ પણ મળી જશે.

આ ટીપી સ્કીમનો વિસ્તાર સુરતના સૌથી ઝડપી વિકાસ પામતા મોટા વરાછાનો છે. આ ટીપી સ્કીમ મારફતે સુરત પાલિકાને ૨.૨૩ લાખ ચો.મી.. વિસ્તારમાં રસ્તા સાથે સાથે ૩.૧૦ લાખ ચો.મી. જગ્યા વિવિધ હેતુ માટે પાલિકાને મળશે. સુરત પાલિકાએ આ ટીપી સ્કીમના આયોજન માટે કપાતના એક સરખા ૪૦ ટકાના ક્રાઈટેરિયા રાખ્યા છે. આ મુજબ કામગીરી સફળ થશે તો આ ટીપી સ્કીમ નંબર ૯૪ સુરત પાલિકાની પહેલી એવી ટીપી સ્કીમ બનશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.